સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

પંચાયતથી કેન્દ્ર સુધી રફડા ફેલાવે છે,
કોઈ સત્ય કહે તો ગુસ્સામાં ફેણ ફેલાવે છે,
ભૂલાવે છે રાજધર્મ, ફરે ઝેરી નાગરાજો -
સત્તાના વહેણ મુજબ સૂકાન ફરાવે છે.
(નાગપાંચમ)

હાઈકુ

'અનિર્યાણક'
અટક્યું છછુંદર
સાપને ગળે
(ખેડૂતનું આંદોલન)

સાપ-નોળિયા
લડે છે સંસદમાં
સત્તા - વિપક્ષો
(સામસામે ફૂંફાડા)

ચિંતન

સહૃદયં સાંમનસ્યમ્ વિદ્વેષ કૃણોમિ વિઃ ।
ભદ્રં નો અપિ વાતયમનઃ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

તમે સૌ સહૃદય બનો, તમારું મન ભલું રહે, પરસ્પર કોઈનામાંથી તમારો વિદ્વેષ ન થાય, તમે એકબીજાને પ્રેમ કરો.

હે પ્રભુ !! અમારા હૃદયને કલ્યાણથી ભરી દો અને આનંદથી ભરાયેલું મન લઈને અમે ધરતી પર જ્યાં પગ મૂકીએ ત્યાં આનંદ જ આનંદ છલકાતો જાય. જે અમારો અવાજ સાંભળે તે આનંદથી ભરાઈ જાય. આનંદની વર્ષા થવા લાગે, આનંદની ગંગા વહેવા લાગે, આનંદનો સમુદ્ર છલકાવા લાગે. અમારા શરીરને પરમ આનંદનો ખજાનો બનાવીને પરમાત્માએ મોકલ્યા છે.

પરમાત્મા સ્વયં આનંદ છે અને આનંદપ્રદ અમારું આ જીવન આનંદને ઉલ્લાસિત કરવા માટે છે, પ્રકાશ પાથરવા માટે છે. અમૃતની વર્ષા કરવા માટે છે. આ જીવન દુઃખી થવા માટે પણ નથી અને દુઃખી કરવા માટે પણ નથી. તમે કર્તવ્યનું પાલન કરો અને સતત પરમાનંદ પ્રભુને નિહાળો, જે દરેક સ્થાનમાં, દરેક વસ્તુમાં, દરેક પળમાં, દરેક રુપમાં તમારી સામે રહે છે.

સુવિચાર

- કંઈક વાવો અને સીંચો તેનો આદર છે, નહીં તો ખેતર જેવું ખેતર પણ પાદર છે - **જનકલ્યાણ**
- છીનવી ને ખાવાથી કયારેય પેટ ભરાયું નથી અને ભાગ પાડીને ખાવાથી કયારેક ભૂખ્યા રહેવાતું નથી - **દિનકર ઉપાધ્યાય**
- મકસદ વગર માણસ નહીં, સમજ વગર સજીવ નહીં, ઉદ્દેશ્ય વગર ઉત્પત્તિ નહીં - **ભદ્રાયુ વચ્છરાજાણી**
- વાસનાઓનો અહીં અને હમણાં જ નાશ એટલે મુક્તિ. આપણા શરીર અને આપણા વિચારો સાથે આસક્તિ છૂટે એટલે આપણે હળવાફૂલ. નિંદાથી જ નારાજગી, પ્રશંસાથી નહીં અહમ. આ સ્થિતિ એટલે આત્મજ્ઞાન - **ઓશો**
- જે સર્વશ્રેષ્ઠ છે તે પામવાના તમે અધિકારી છો અને જે સર્વશ્રેષ્ઠ છે તે જ પરમઆનંદ છે - **બોધિવૃક્ષ**
- ખુશી આપકે એટિટયુટ પર નિર્ભર કરતી હૈ, આપ કે પાસ કયા હૈ ઉસ પર નહીં - **હરિભાઉ**
- આજનું ઔષધ : મુખમાંના ચાંદામાં રોજ ચારથી પાંચ પાન ચમેલીના સવાર-બપોર-સાંજ-રાંત ચાવવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ટૂંકી બુદ્ધિ વાળો પુરુષ સતત ચિંતામાં રહેતો. દુઃખના રોદણા રોયા કરી અને નિરાશ રહેતો હતો. તે વારંવાર પોતાની પત્નીને કહ્યા કરતો, 'શું કરીએ, ઘરનો ખર્ચ ભારે છે, છોકરાઓને પરણાવવા પડશે, વહુઓને ઘરેણા વગર કેમ ચાલશે? વળી બહેનોનો ભાણો પરણશે ત્યારે મામેરું કરવું પડશે. ઘરમાં ખર્ચો કરાવવાનો છે. શું કરું ? હવે વર્ષો બહુ ખરાબ આવે છે. વ્યાપાર પરદેશીઓના હાથમાં એટલે દેશીઓ શું ફાવે ? નોકરીઓ પણ મળવાની બંધ થઈ ગઈ છે. આપણાં આટલા બધા સામાજિક કાર્યો કેવી રીતે પાર પડશે ? મને તો ચિંતા થઈ છે.' તેની પત્ની શાણી હતી. તે પોતાના પતિનું હિત ઈચ્છતી હતી. તેણે વિચાર્યું કે ગમે તેમ કરીને પણ પતિની ચિંતા દૂર કરવી પડશે. તેને સાચી સમજણ આપવી પડશે. એકવાર એણે પોતાના પતિને શાનમાં સમજાવવા માટે પોતાના દુઃખના રોદણા રોવા નું નાટક કર્યું. તે બોલી, 'તમારો શું દુઃખ છે? દુઃખ તો મારા પર કેવું અને કેટલું છે તે જુઓ. મારું આયુષ્ય તો સાંઈઠ વર્ષનું છે તેમ જોષી મહારાજે કહ્યું છે. તેમાં દસ હજાર મણ તો અનાજ દળવાનું છે, વીસ હજાર વાસણ માંજવાના છે. હજારો લિટર પાણી ભરાવાનું છે આ બધું મારાથી કેમ પાર પડશે?? મારે તો આપઘાત કરવો છો, કારણ કે આટલું બધું દુઃખ સહન કરવું તેના કરતા મરી જવું સારું.' ત્યારે પતિએ કહ્યું, 'પણ તારે એ બધું ક્યાં એક જ દિવસમાં કરવું છે ?' સ્ત્રી બોલી તો તમારે આપણા ઘરના વ્યવહારી પ્રસંગો અત્યારે ને અત્યારે કયાં કરવાનાં છે? શાણી સ્ત્રીનો ટોણો પુરુષનો સમજાયો અને તેણે રોદણા રડવાનું બંધ કર્યું.

પ્રિયંકાનો નવજોત પ્રેમ પાર્ટીને ભારે પડી રહ્યો છે

તંત્રીસ્થાનેથી...

સોનિયા ગાંધી નરેન્દ્ર મોદી સામે ૨૦૨૪ની ચૂંટણીમાં મોરચો માંડવા તમામ વિપક્ષોને એક મંચ પર આણવા જહેમત ઉઠાવી રહ્યા છે પરંતુ કોંગ્રેસનું અંદરનું જ કમઠાણ એમની કથળતી જતી તબિયતને વધુ નુકશાન પહોંચાડી રહ્યું છે. કાર્યકારી અધ્યક્ષા હોવા ઉપરાંત આજની તારીખે તો સોનિયા જ કોંગ્રેસનો પર્યાય બની રહ્યાં છે. કારણ કે એમના ફરજંદ રાજકારણમાં ગમે તેટલી કૂદાકૂદ કરતાં ફરે પણ શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટીથી લઈ મોટા ભાગના મતદારો બેઉ ભાઈ-બહેનને મજાકનાં પાત્રો જ ગણે છે. જો કે સોનિયા ગાંધી સંપૂર્ણ નિવૃત્તિ લેતાં પહેલાં રાહુલ ગાંધીને સર્વોચ્ચ સત્તા સ્થાને જોવા આતુર છે. ડૉ. મનમોહનસિંહનું મહોરું આગળ ધરીને પૂરાં દસ વર્ષ એમણે નેપથ્યે રાજ કર્યું હતું પણ રાજકુંવરને તૈયાર કરવામાં સરિયામ નિષ્ફળ જ રહ્યા હતા. આખરે આ લોકશાહી રાષ્ટ્ર છે. રાહુલ ગાધી ઘણું જોર કાઢે છે પરંતુ એમને કોઈ ગંભીરતાથી લેતું નથી સિવાય કે ગાંધી પરિવારની આજ્ઞામાં રહેવા ટેવાયેલા પાળેલાં પેટ્સ જેવા કોંગ્રેસીઓ. કોંગ્રેસમાં પણ જે વરિષ્ઠો અને બૌદ્ધિકોનું નાનકડું જૂથ છે તે આ છોકરડાનું નેતૃત્વ સ્વીકાર કરતાં ક્ષેત્ર સંન્યાસ લેવાનું પસંદ કરશે. આવા વરિષ્ઠોમાં પંજાબના મુખ્યમંત્રી અને નીવડેલા રાજપુરુષ કેપ્ટન અમરિંદર સિંહનો પણ સમાવેશ થાય છે. અડૂકદડૂકિયા વિદૂષક જેવી ઈમેજ ધરાવતા પૂર્વ ક્રિકેટર નવજોત સિદ્ધુને કોંગ્રેસના જૂના જોગી અને અમૃતસર સંસદીય ક્ષેત્રમાંતી ચૂંટાતા રહેતા પ્રો. રઘુનંદનલાલ ભાટિયા સામે મેદાનમાં ઉતારી ભારતીય જનતા પાર્ટીએ એ બેઠક કબજે કરી હતી. ભાજપની આ 'મોડસ ઓપરેન્ડી' ગુજરાતના રાજકારણમાં પણ સિને ક્ષેત્રના અરવિંદ ત્રિવેદી 'લંકેશ' કે દીપિકા ચીખલિયાને 'રામાયણ' શ્રેણીની લોકપ્રિયતાના આધારે અને મહેશ-નરેશ જોડીને એમની ફિલ્મી કારકિર્દીના જોરે ઉમેદવારી કરાવી જિતાડવામાં સફળ રહી હતી. નવજોત સિદ્ધુ વધુ પડતા ચિબાવતા નેતા છે. મોદી સામે પણ એ એમની હોંશિયારી બતાવવા ગયા હશે એટલે એમને હાંસિયે ધકેલાવું પડ્યું હશે. એ પછીનો વિકલ્પ તો કોંગ્રેસ જ હતી અને કોંગ્રેસને આવા બટકબોલા વિદૂષક સ્ટાર પ્રચારકની જરૂર પણ હતી કારણ કે મોદીની મજાક ઉડાવી શકે એવી વાક્ છટાવાળો કોઈ નેતા એમની પાસે હતો જ નહીં. કોંગ્રેસ માટે નવજોત કાલાન્તરે સાપે ગળેલું છછુંદર બની રહ્યા છે. એમને બારોબાર મુખ્યમંત્રીની ગાદી જોઈએ છે. એથી કેપ્ટન વિરુદ્ધ કેટલાક મંત્રીઓ અને ધારાસભ્યોનું જૂથ બનાવી એમને રીતસરનો મોરચો જડ માંડ્યો હતો. એમને આખરે નવી પેઢીના પારિવારિક નેતા પ્રિયંકા ગાંધી ફળ્યા અને કેપ્ટન તથા ખુદ સોનિયા ગાંધીની ઈચ્છા વિરુદ્ધ પંજાબ કોંગ્રેસના સુકાની બનાવી જ દીધા. એ વખતે સમાધાનની આ ફોર્મ્યુલાના ઘડવૈયા તરીકે ફરજ બજાવનાર ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતની મુખમુદ્રા પણ પૂર્ણપણે સંતુષ્ટ નહોતી વરતાતી પરંતુ ગાંધી પરિવારના વફાદાર સેનાની તરીકે એમણે પ્રિયંકાની ફોર્મ્યુલાનો અમલ કરાવીને પંજાબ કોંગ્રેસનો ઊકળતો ચરુ ઠારવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો. કેપ્ટન અમરિંદર સિંહ પોતાની આગવી તાકાતથી અકાલી દળ - ભાજપના પરિબળો સામે કોંગ્રેસને બહુમતી લાવતા રહ્યા છે. અને પંજાબના ખેડૂત નેતાઓ કોઈ પણ સંજોગોમાં ભાજપ પંજાબમાં સત્તા સ્થાને નહીં પહોંચી શકે એવા કાર્યક્રમો આપી રહ્યા છે. નવજોત સિદ્ધુ એ પ્રદેશ પ્રમુખ બનતાની સાથે કેટલાક માથા ફરેલ સલાહકારો નીમ્યા છે જેમને દેશની કાશ્મીર નીતિનો ખ્યાલ નથી કે કોંગ્રેસનાં સદાબહાર સર્વશ્રેષ્ઠ નેતા ઈંદિરા ગાંધી વિશે મા નથી. એમનાં કેપ્ટન વિરોધી નિવેદનો અને નવજોતના ટેકેદાર ધારાસભ્યો તથા મંત્રીઓની કેપ્ટન હટાવો ઝુંબેશ સોનિયાથી લઈ હરીશ રાવત સુધીના નેતાઓ માટે શિરોવેદના બની રહેલ છે. નવજોત સિદ્ધુ કોઈ ભરોસાપાત્ર કે વહીવટ કુશળ નેતા નથી. એથી પંજાબ કોંગ્રેસના પ્રભારી હવે ટૂંક સમયમાં નવજોતની સાન ઠેકાણે લાવવા એમના સલાહકારોની છુટ્ટી કરી દેવાના આદેશ આપવાના છે. પંજાબનું કોકડું નવજોત કોંગ્રેસમાં હશે ત્યાં સુધી ગૂંચવાયેલું જ રહેવાનું છે. નવજોતને 'આપ' મુખ્યમંત્રીના ચહેરા તરીકે આગળ ધરવા તૈયાર બેઠું છે. પરંતુ 'આપ, કોંગ્રેસ, અકાલી દળ અને ભાજપ પૈકી સત્તાની સુંદરી કોના શિરે કળશ ઢોળે છે એ તો સમય દેવતા જ નકકી કરશે.'

અંધારી મેઘલી અરધી રાતે

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ધીમી ધારે વરસાદ પડે. મેઘછાયું આકાશ. રાત અરધી થઈ હતી. આમ પણ અંધકાર હોય. શ્રાવણ વદ આઠમની રાત હતી.

મથુરાના કારાગૃહની એક ઓરડીમાં સળવળાટ થયો. અનાંદનાદી દબાયેલી ચીસ સંભળાઈ. દેવકીને પુત્ર જન્મ્યો. આ આઠમું સંતાન હતું.

આમ તો આ દેવકી કંસની પ્રિય બહેન હતી. એના લગ્ન મથુરાના ખંડિયા રાજા વસુદેવ સાથે કર્યા. કંસની કાકાની દીકરી દેવકી હતી. પરંતુ મરણના ઓથારે સંબંધોના સમીકરણ બદલી નાખ્યા. એને ખબર હતી કે, દેવકીનું આઠમું સંતાન પોતાને મારી નાખશે. એટલે એણે વસુદેવ - દેવકીને જેલમાં કેદ કરી લીધા.

કંસે છ સંતાનને ક્રમશ મારી નાખ્યા. દેવકી સાતમી વાર સગર્ભા બની. પણ એને ખબર મળ્યા કે એને ગર્ભસ્ત્રાવ થઈ ગયો છે. ખરેખર એવું ન હતું. વસુદેવની પત્ની રોહિણી હતી. એ કંસથી ત્રાસી ગઈ. એટલે ગોકુળમાં નંદરાય પાસે રહેતી હતી. યોગમાયાએ દેવકીના ગર્ભને ઉઠાવ્યો અને રોહિણીમાં મૂકી દીધો. રોહિણીને એના સમયે પુત્ર જન્મ્યો, એ બલરામ સંકર્ષણ હતા.

દેવકીને જેલમાં પુત્ર જન્મ થયો. ચમત્કારો થવા માંડ્યા. પગમાંથી બેડીઓ છૂટી ગઈ. વસુદેવે વાંસનો કરંડિયો લીધો. નાની એવી શૈયામાં એમાં સૂવાડ્યો. પાહેરેગીરો ઘસઘસાટ ઊંઘવા લાગ્યા.

પાહેલાં ઓરડીના અને પછી જેલના દરવાજા ખૂલી ગયા. વરસાદ વરસડતો હતો, એટલે શેષનાગ આવી ગયા. એણે શિશુ ઉપર ફણા ફેલાવીને, છત્ર રાખ્યું. યમુના નદીને પાર કરવાની હતી. પરંતુ બાળકના જમણા પગનો અંગુઠો પાણીને અડયો કે તરત પાણી ઓસરી ગયા અને નદી પાર થઈ. એ જ વખતે નંદરાયના પત્ની યશોદાને પુત્રી જન્મી હતી. વસુદેવે પુત્રી લઈ લીધી અને ત્યાં પોતાના પુત્રને સુવડાવી દીધો. યોગમાયાના પ્રભાવને કારણે યશોદાને ખ્યાલ ન આવ્યો.

વસુદેવ પાછા આવી ગયા. પગમાં હેડીઓ પહેરી લીધી. કંસને ખબર પડી. 'દેવકીને આઠમું સંતાન જન્મ્યું છે.' એ અરધી રાતે ધસી આવ્યો. હાથમાં ખુલ્લું ખડગ. દેવકીએ કચકચાવીને છાતી સાથે કન્યાને ભીંસી રાખી. પણ કંસે એના હાથમાંથી ખૂંચવી લીધી અને હવામાં ઉછાળી. ત્યાં તો કન્યા ભગવતી દૂર્ગાના અસલ સ્વરુપમાં પ્રગટ થઈ. ભગવતી એ અટ્ટહાસ્ય કરીને કહ્યું, 'તું મને શું મારવાનો હતો ? તારો કાળ તો જન્મી ચૂક્યો છે અને સલામત છે.' ભવવતી અદૃશ્ય થયા.

કંસે દેવકી વસુદેવની માફી માંગી અને જેલમાંથી મુક્ત કર્યા.

નંદને ઘેર આનંદ ભયો.

નેત્રદાન કરનારની આંખનો કયો ભાગ ઉપયોગમાં લેવાય છે?

ખજાનો
અનિલ પટેલ

વિજ્ઞાન જગત

૧ મેલેરીયાની દવા ક્વિનાઈન એ વિષુવવૃત્તીય જંગલના કયા ઝાડમાંથી બને છે?
(અ) લીમડો (બ) પાઈન
(ક) સિંકોના (ડ) પીચ

૨ કલોરોમીસેટીન દવા કયા રોગ સામે રક્ષણ આપે છે?
(અ) મેલેરિયા (બ) કોલેરા
(ક) ડીપ્થેરિયા (ડ) ટાઈફોઈડ

૩ ટાઈફોઈડ શરીરના કયા અવયવને સૌથી વધુ અસર કરે છે?
(અ) આંતરડા (બ) હૃદય
(ક) આંખ (ડ) કિડની

૪ નીચેનામાંથી કયા કિરણોથી આપણા શરીરની ચામડી કાળી પડે છે?
(અ) બીટા કિરણો (બ) ડી - કિરણો
(ક) ઈન્ફ્રારેડ કિરણો (ડ) અલ્ટ્રાવાયોલેટ કિરણો

૫ આંગળાઓની છાપ પરથી વ્યક્તિને ઓળખવાની પદ્ધતિને શું કહે છે?
(અ) પોલીગ્રાફી (બ) ડેકટીલોગ્રાફી
(ક) સેન્ટ્રોગ્રાફી (ડ) ડેમોગ્રાફી

૬ વિટામીન-ઈનું રાસાયણિક નામ શું છે?
(અ) ટોકોફેરોલ (બ) ફોલીક એસિડ
(ક) પાયરીડોકસીન (ડ) નિકોટોનિક એસિડ

૭ નીચેનામાંથી કયું સસ્તન પ્રાણી ઉડી શકે છે?
(અ) ડોલ્ફીન (બ) વ્હેલ
(ક) કાંગારૂ (ડ) ચામાચીડિયું

૮ સ્તન કેન્સર ખાસ કરીને ટ્યુમરની જાણકારી માટે કયું મશીન વપરાય છે?
(અ) હેકટોગ્રામ (બ) પોલીગ્રામ
(ક) મેમોગ્રામ (ડ) કાલીગ્રામ

૯ નીચેનામાંથી કંઈ ગ્રંથી અંતઃસ્રાવી અને બર્હિસ્રાવી બંનેની જેમ કાર્ય કરે છે?
(અ) પીટ્યુરીટી (બ) પેનક્રિયાસ
(ક) થાઈરોઈડ (ડ) એડ્રીનલ

૧૦ દારુ પીવાથી શરીરના કયા ભાગને અસર થતાં દારૂ પીનાર લથડિયા ખાતો ચાલે છે?
(અ) સેરીબ્રમ (બ) સેટીબેલમ
(ક) હાઈપોથેલેમસ (ડ) મેડ્યુલા

૧૧ વાયરસ નામ કયા વૈજ્ઞાનિકે આપ્યું?
(અ) રોબર્ટ કોચ (બ) બેન્જેરીક
(ક) ઈવાનોવોસ્કી (ડ) લૂઈ પાશ્ચર

૧૨ ગ્યુકોમા માનવ શરીરનાં કયા અંગની બિમારી છે?
(અ) ફેફસાં (બ) કાન
(ક) હૃદય (ડ) આંખ

૧૩ કયા હોર્મોનની ખામીના કારણે સ્ત્રીઓને દાઢીમૂછ ઉગતા નથી?
(અ) ટેસ્ટેસ્ટેરોન (બ) ઈન્ટ્રાડાપોલ
(ક) એડ્રીનલ (ડ) થાઈરોક્સીન

૧૪ કયા તત્ત્વની હાજરીના કારણે દૂદ સફેદ હોય છે?
(અ) પ્રોટીન (બ) વિટામીન - એ
(ક) કેઝીન (ડ) ચરબી

૧૫ નેત્રદાન કરનારની આંખનો કયો ભાગ ઉપયોગમાં લેવાય છે?
(અ) આઈરીસ (બ) લેન્સ
(ક) કોર્નિયા (ડ) રેટીના

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ

૨૭ ઓગસ્ટ :
- દાદા સાહેબ ફાળખે એવોર્ડ સન્માનિત ફિલ્મ સર્જક ઋષિકેશ મુખરજીનું નિધન (૨૦૦૬)
- મશહુર ઈટાલીયન ચિત્રકાર ટાઈટનનું નિધન (૧૫૭૬)
- કેરેબિયન આઈલેન્ડ પર હરીકેન સાયકલોન ત્રાટકતાં મહાવિનાશ સર્જેલો (૨૦૧૧)
- જર્મન એન્જીનીયર અર્નેસ્ટ હેનરીચ હેનીકલે પ્રથમ ટર્મોજેટ પાવર એરકાફ્ટ બનાવી ઉડાડ્યું (૧૯૩૯

૨૮ ઓગસ્ટ :
- રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મદિવસ (૧૮૯૬)
- ગુજરાતના પ્રખર સમાજ સુધારક કરસનદાસ મુ.ની પુણ્યતિથિ (૧૮૭૧)
- પ્રથમ કાર રેલી કોલકત્તાથી બેરકપુર સુધીની યોજાઈ (૧૯૦૪)
- વોશિંગ્ટન ડીસી ખાતે યોજાયેલ સીવીલ રાઈટસ માર્ચને બે લાખ લોકો જોડાયા (૧૯૬૩)

● ૨૯ ઓગસ્ટ : રાષ્ટ્રીય રમત-ગમત દિવસ
- અમેરિકાના ન્યુ આર્લેન્સ વિસ્તાર પર કેટરીના હરીકેન ત્રાટક્યું (૨૦૦૫)
- અમેરિકન સિંગર માઈકલ જેકશનનો જન્મદિવસ (૧૯૫૮)
- પદ્મ વિભૂષણ સન્માનિત મનુભાઈ પંચોળી (દર્શક)નો જન્મદિવસ (૧૯૧૪)
- સોવિયેટ યુનિયને નોટા-૧ નામના અણુબોમ્બનું પરિક્ષણ કર્યું (૧૯૪૯)

● ૩૦ ઓગસ્ટ :
- અમેરિકન અવકાશયાત્રી ગુઈયોન એસ. બ્લુફોર્ડ પ્રથમ આફ્રિકન અમેરિકને ચેલેન્જર સ્પેશ શટલ દ્વારા સ્પેસ ફલાઈટ કરી (૧૯૮૩)
- બ્રિટીશ સાહિત્યકાર મેરી વોલસ્ટ્રોનકાફ્ટ શિલેનો જન્મદિવસ (૧૭૯૭)
- મશહુર ફિલ્મ ગીતોના સર્જક શૈલેન્દ્રનો જન્મદિવસ (૧૯૨૧)
- જાણીતા બ્રિટીશ ન્યુરોલોજીસ્ટ ઓલીવ સેકનું નિધન (૨૦૧૫)

● ૩૧ ઓગસ્ટ :
- સાહિત્યકાર અમૃતા પ્રીતમનો જન્મદિવસ (૧૯૧૯)
- ઉત્તર કોરિયાએ પોતાનો પ્રથમ ઉપગ્રહ અંતરીક્ષમાં સ્થાપીત કર્યો (૧૯૯૮)
- સાહિત્યકાર રતીલાલ બોરીસાગરનો જન્મદિવસ (૧૯૩૮)
- બ્રિટીશ પ્રિન્સેસ ડાયનાનું અવસાન (૧૯૯૭)

● ૧ સપ્ટેમ્બર : (આઈ.ઓ.સી. સ્થાપના દિવસ)
- સમાજસેવી અને શિક્ષણ શાસ્ત્રી જુગતરામ દવેનો જન્મદિવસ (૧૮૯૨)
- અર્નેસ્ટ હેમીંગ્વેને સાહિત્ય જગતનું શ્રેષ્ઠ પુલિત્ઝર પારિતોષિક મળ્યું (૧૯૫૨)
- દોઢ લાખ કરતાં વધુ લોકોના અવસાન થયા તે સિવિયર ધરતીકંપ ટોકિયો ખાતે આવેલો (૧૯૨૩)
- મેઘાલયના પૂર્વ મુખ્યમંત્રી પી એ સંગમાનો જન્મદિવસ (૧૯૪૭)

● ૨ સપ્ટેમ્બર :
- ગોંડલ ભૂવનેશ્વરી પીઠના સ્થાપક જીવરામ શાસ્ત્રીજીનું નિધન (૧૯૭૮)
- લંડનના લાગેલ વિનાશક આગમાં ૧૩ હજાર ગળ સળગી ગયા (૧૬૬૬)
- અમેરિકન ટેનિસ પ્લેયર જીમી કોનોરનો જન્મદિવસ (૧૯૫૨)
- આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય. એસ. રાજશેખર રેડ્ડીનું નિધન (૨૦૦૯)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાલીબાને અફઘાનિસ્તાન પર કબજો જમાવતાં કયા નેતા દેશ છોડી ભાગી ગયા ?

જવાબ : મોહમદ અશરફ ગની

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૪) હર્ષ બી પટેલ : સે-૬ (૫) કાર્દિક એલ જાદવ : સે-૨૪ (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪
(૭) શિવાંગ બી પટેલ : સરગાસણ

આ સપ્તાહનો સવાલ

વિશ્વ ઓઝોન પડ સંરક્ષણ દિવસ કયારે ઉજવાય છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

વાર્યા ના વળે.... હાર્યા વળે...!!

હળવે હૈયે
પ્રકાશ લાલા

'કાં પનુભાઈ, શું ચાલે છે?' 'હાલ તો અંકલ, આ હિંચકો ચાલે છે...' હિંચકે ઝૂલી રહેલા અમે, અમારે ત્યાં આવી પહોંચેલા લાલાકાકાએ જવાબ આપ્યો. 'એમ નહીં હવે !' 'તો કેમ ?' 'અરે, આ તમે હાથમાં પેન ને મેગેઝીન લઈને બેઠા છો ને મેગેઝીનમાં કંઈક લખો છો તે શું કરો છો એમ પૂછું છું...' કહેતા રેડ અંકલે અમારી બાજુમાં જમાવી. 'આ ને? મગજની કસરત, અંકલ.'

'શું ?' 'મગજની કસરત !' 'પનુભાઈ, સાયકલીંગ, સ્વીમીંગ, વોકિંગ, રનિંગ, યોગા એમ શરીરની કસરતોની ખબર છે...? તમે નવું લાવ્યા, હોં.' મૂંઝાયેલા લાલાકાકા બોલ્યા : તમે ખરેખર શું કરો છો, યાર ?' 'કાકા, હું શબ્દ કોયડા ભરું છું.. ક્રોસ વર્ડ પઝલ્સ સોલ્વ કરું છું...' 'હં... હં... તમે મગજને કસી રહ્યા છો એમને ?' 'હા... અંકલ, મગજને કસવું એટલે જ મગજની કસરત.' 'કસો... કસો... મને આવી મગજની કસરત ના ફાવે.' 'અંકલ, મગજની કસરત કરવા મગજ હોવું જોઈએ ને !' અમે સાવ ધીરેથી કોમેન્ટ કરી. લાલાકાકેને એ સંભળાઈ નહીં તેથી અમે બચી ગયા. અંકલે કહ્યું : 'પનુભાઈ, જીવનમાં કોયડા કહેતાં પ્રશ્નો - સાંસારિક સમસ્યાઓ ઓછી હોય છે તો તમે આવા કોયડા પાછળ મગજમારી કરો છો ને એનર્જી વેસ્ટ કરો છો?' 'અંકલ, એમાં એવું છે ને કે જીવનના કોયડા - ઉકેલમાં થાકું ત્યારે આ શબ્દ કોયળા લઈને બેસું ચું... જસ્ટ ફોર એ ચેઈન્જ... બાકી સંસારના કોયડા ને પ્રશ્નો તો મગજ ખરાબ કરવા હાજર કયાં નથી હોતા, હેં....' સાચી વાત છે... પમ હવે આ બધું બાજુએ મૂકો અને મારી વાત સાંભળો...'

સવારના બદલે સાંજે રેડ અંકલની પધરામણી થઈ ત્યારથી જ ખબર પડી ગયેલી કે એ કોઈ 'એજન્ડા' લઈને અમારા મગજનું દહીં કરવા જ આવ્યા છે... એટલે અમે 'મગજની કસરત' સાઈડમાં મૂકી દીધી ને રેડ અંકલની વાત સાંભળવા બેસી ગયા : 'બોલો, અંકલ.... શું વાત લાવ્યા છો?' અમારો રિસ્પોન્સ જોઈ, લાલાકાકા જરા તાનમાં આવી ગયા: 'પનુભાઈ, દેશના સ્વાતંત્ર્ય દિન જેવો મહામૂલો રાષ્ટ્રીય તેહવાર ગયો અને આપણે એ સોસાયટીમાં ઊજવ્યો નહીં!!' 'કોરોનામાં કાર્યક્રમો ઉપર ચોકડી મારવી જ સારી, કાકા.' 'હા... પણ હવે કોરોના કયાં છે ?' પારકે પૈસે પ્રોગ્રામ પ્રેમી લાલાકાકા કોઈ પ્રોગ્રામની પ્રપોઝલ મૂકે એ પહેલાં જ અમે વચ્ચે બોલી ઊઠ્યા : 'કોરોના ગયો એવું માનવા માટે માની લઈએ... પણ એ સાવ જ 'ગુડ બાય.. ટાટા...' કરીને પાછો ચાઈના ભેગો થઈ ગયો છે એવું છાતી ઠોકીને કોઈ કહી શકે છે ? એની ત્રીજી લહેરની લટકતી તલવાર માથે જ છે, હોં અંકલ.' 'તમે યાર પનુભાઈ, સાવ નિરાશાવાદી ને નેગેટીવ થઈગયા છો...' પોતે વિચારેલા પ્રોગ્રામમાં પ્રારંભે જ અમે પંકચર પાડવા જઈ રહ્યા છીએ એ સમજી જતાં અકળાઈ ઊઠેલા લાલાકાકા બોલ્યા : 'હમણાં હાલ એની શાંતિ છે તો જન્માષ્ટમીનો કાર્યક્રમ ગોઠવવો જ જોઈએ એમ હું માનું છું... ઘણા વખતથી ઘરમાં પુરાઈ રહેલા, સામાજિક ધાર્મિક કાર્યક્રમો વગર સૂના પડી ગયેલાં સૌને એ ગમશે... શું સમજ્યા ?' 'તમારી વાત સાચી ... પણ અંકલ, સોસાયટીમાં સામુહિક કાર્યક્રમ કરવો હોય તો સોસાયટીની કમિટીની મંજુરી લેવી પડે...' અમે મમરો મૂક્યો... અમારા એ મમરાને ચાવી જતા હોય એમ લાલાકાકાએ કહ્યું : 'મંજૂરી લઈ લઈશું... પણ કમિટીની મીટીંગમાં પહેલેથી જ નકારો કરે એવા ચાર-છ જણા છે એમને અંગત રીતે મનાવી લઉં તો પછી મીટીંગમાં વાંધો નહીં આવે...' રેડ અંકલે મુત્સદ્દીગીરી ભરી એમની સ્ટ્રેટેજી સમજાવી... 'વાહ... કેવું પડે, કાકા ! મનાવી લો એ બધાને....' 'એમાં તમારો પહેલો નંબર છે, પનુભાઈ... વચન આપો મને કે તમે મીટીંગમાં આડા નહીં ફાટો.' રેડ અંકલે મને જ બાંધી લીધો એટલે મારે એમની વાતમાં હા એ હા કર્યા વગર હવે છૂટકો ન હતો... તોય અમે પ્રશ્ન કર્યો : 'અંકલ, જન્માષ્ટમી ઊજવવા ફંડ જોઈએશે... એ ક્યાંથી લાવશો ?' 'એય મેં વિચાર્યું છે.... આપણે જન્માષ્ટમીએ દિવસ દરમિયાન બહેનો માટે ભજન સ્પર્ધા, બાળકો માટે ચિત્ર ને ફેન્સી ડ્રેસ સ્પર્ધા રાખીશું... એની એન્ટ્રી ફી લઈશું ને થોડો ફંડફાળો ઉઘરાવવાનો ને.... રાત્રે કૃષ્ણ જન્મોત્સવ' ઉત્સવ - આરતીમાં તો પૈસા આવવાના જ ને...' લાલાકાકાએ એમનું ફાઈનાન્સિયલ પ્લાનિંગ કહ્યું. 'તોય બધા ખર્ચા જેટલા ના આવે હોં, અંકલ!' અમે શંકા વ્યક્ત કરી. 'તમે ચિંતા ના કરો... આપણી પાસે બીજો ય પ્લાન છે.... આપણા વોર્ડના ભાવિ કાઉન્સિલરોને જે ગાંધીનગર મનપાની ચૂંટણી લડવાના છે તેમને વિવિધ સ્પર્ધાના ઉદ્ઘાટકો તરીકે, જન્મોત્સવના મુખ્ય મહેમાન, અતિશિ વિશેષ તરીકે બોલાવી એમની પાસેથી ઈનામો, મહાપ્રસાદ માટે ફંડ હું મેળવી લઈશ....' 'એ લોકો આવશે - આપશે રૂપિયા ?' અમે બીજી શંકા કરી. 'હા... એમના પ્રચારનો આ ભાગ કહેવાય એટલે ચોક્કસ આવશે ને માંગીશું તે આપશે.... ચૂંટાયા પહેલાં તો બધા ઉમેદવારો મતદારોને ખુશ રાખવા કંઈ પણ કરવા તૈયાર હોય જ!' પોલિયિશિયનોની નાડ જાણતા અંકલે જણાવ્યું. 'તો કરો કંકુના...' અમે લીલી ઝંડી બતાવી...

●●●

બે દિવસ પછી આવેલા અંકલ અમને જરા ઢીલા ને થોડા નિરુત્સાહી જણાયા...' કાકા, જન્માષ્ટમીના કાર્યક્રમનું કેટલે પહોંચ્યું ?' 'પનુભાઈ, જવા દો યાર... મારા બેટા ભાવિ કાઉન્સિલરો હજી ચૂંટણીના ઠેકાણાં નથી એટલે હમણાં અમે કંઈ ન આપીએ. ચૂંટણી જાહેર થાય ત્યારે પ